ન્યૂઝ લાઈન સીધા સમાચાર
તંત્રી : નિશાબેન સુરેન્દ્રસિંહ રાજપૂત,● RNI No. : 63875/96

## તંત્રી સ્થાનેથી.....

# વિશેષ સ્થિતિ કે પેકેજ? બજેટ પહેલા દિલ્હીમાં ચંદ્રબાબુ નાયડુ

આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુએ મંગળવારે મોડી રાત્રે રાષ્ટ્રીય રાજધાનીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી અને રાજ્યના નાણાકીય પડકારોનો સામનો કરવા માટે આગામી કેન્દ્રીય બજેટમાં ભંડોળની પૂરતી ફાળવણી કરવા વિનંતી કરી. અમિત શાહના નિવાસસ્થાને બેઠક દરમિયાન, તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ ૨૦૧૪ માં 'અન્યાયી વિભાજન' અને અગાઉની સરકારના 'દયનીય શાસન' ના પરિણામોનો સામનો કરી રહ્યું છે.આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીએ અમિત શાહને મળ્યા બાદ એક નિવેદનમાં કહ્યું, 'આજે નવી દિલ્હીમાં હું કેન્દ્રીય ગૃહ મંત્રીને મળ્યો અને તેમને જાણ કરી કે છેલ્લા પાંચ વર્ષમાં આંધ્ર પ્રદેશની અર્થવ્યવસ્થા કેવી રીતે પડી ભાંગી છે. મેં આંધ્ર પ્રદેશ વિધાનસભામાં અમારી પાર્ટી દ્વારા લાવવામાં આવેલા ચાર શ્વેતપત્રોના તારણોની પણ ચર્ચા કરી હતી, જેમાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૪ દરમિયાન લેવામાં આવેલા આશ્ચર્યજનક ઉધાર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, જેણે અમારા રાજ્યની અર્થવ્યવસ્થાને અસ્થિર કરી છે.તેમના પુરોગામી જગન મોહન રેડ્ડી પર કટાક્ષ કરતા, મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું, 'અગાઉની સરકારની આર્થિક અસમર્થતા, ઘોર ગેરવહીવટ અને મોટા પાયે ભ્રષ્ટાચારે આપણા રાજ્યને અપૂર્વીય નુકસાન પહોંચાડ્યું છે. આપણા લોકો દ્વારા એનડીએને આપવામાં આવેલા આદેશને માન આપીને કેન્દ્ર અને રાજ્ય સરકારો એક વ્યાપક પુનઃપ્રાપ્તિ યોજના તૈયાર કરશે અને આપણા રાજ્યની અર્થવ્યવસ્થાને પાટા પર લાવશે. અમે સાથે મળીને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરીશું.બે દિવસની મુલાકાતે મંગળવારે સાંજે રાષ્ટ્રીય રાજધાનીમાં પહોંચેલા નાયડુ બુધવારે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણને મળવાની અપેક્ષા છે. સૂત્રોએ જણાવ્યું કે તેમની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ મુલાકાત થવાની સંભાવના છે. આંધ્ર પ્રદેશ સરકારના ડેટા અનુસાર, રાજ્યનું દેવું ૨૦૧૯-૨૦માં તેના જીડીપીના ૩૧.૦૨ ટકા હતું, જે ૨૦૨૩-૨૪માં વધીને ૩૩.૩૨ ટકા થયું છે. આ છેલ્લા પાંચ વર્ષમાં આંધ્ર પ્રદેશની અર્થવ્યવસ્થામાં ઘટાડો દર્શાવે છે.છેલ્લા ૧૫ દિવસમાં ચંદ્રબાબુ નાયડુની આ બીજી દિલ્હી મુલાકાત છે.

# જાન્હવી કપૂરની ડ્રેસિંગ સેન્સે ઉર્ફીની યાદ અપાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૭

જાન્હવી કપૂરની ડ્રેસિંગ સેન્સ સામાન્ય રીતે વખણાતી હોય છે. સોમવારે એક ઈવેન્ટમાં જાન્હવીની ડ્રેસિંગ સેન્સ જોઈ ઘણાં લોકોને અતરંગી કપડાં પહેરી ચર્ચામાં રહેતી ઉર્ફી જાવેદ યાદ આવી ગઈ હતી. જાન્હવી બ્લૅક એન્ડ વ્હાઈટ કલરનો એક બાલમેઈન બ્લેઝર ડ્રેસ પહેરીને નીકળતાં સોશિયલ મીડિયા યુઝર્સને આશ્ચર્ય થયું હતું. જાન્હવીની આવનારી ફિલ્મ 'ઉલઝ'ના ટ્રેઈલર પ્રિવ્યુની આ ઈવેન્ટ હતી. જેમાં ફિલ્મના ડિરેક્ટર સુધાંશુ સરીયા, તેમજ ફિલ્મના કલાકારો ગુલશન દેવૈયા અને રોશન મેથ્યુ પણ હાજર રહ્યા હતા. આ ઈવેન્ટ માટે જાન્હવીએ એક બ્લૅક એન્ડ વ્હાઈટ બ્લેઝર પેટર્ન દેખાય તેવું એક ગાઉન પહેર્યું હતું. જેમાં ઉપર બ્લૅક બ્લેઝર જાણે ડ્રેસમાં આગળ સંકેલીને સીવી લીધું હોય તેમ ઉપર તરફ તેમાંથી શર્ટનાં બંધ કોલર બહાર આવતાં દેખાતાં હતાં. જ્યારે તેની ઉપરનું બ્લેઝર પ્રકારનું વ્હાઈટ ગાઉન તેની પર પહેર્યું હોય તેમ તેમાં ફ્રન્ટ સ્લિટ દેખાતી હતી. એક ફૅન દ્વારા જાન્હવીની આ ડ્રેસની તસવીર શેર કરી હતી, જે ઘણા લોકોને ગમી નહોતી. એક યૂઝરે લખ્યું હતું, "આ ડ્રેસનો કોન્સેપ્ટ સારો છે પરંતુ દેખાવમાં જરા પણ સારું નથી. અને આ ટૅગ શેનું છે." તો બીજા એક યૂઝરે લખ્યું હતું, "ભગવાનની હરિયાળી ધરતી પર આવું આ શું છે? હે ભગવાન, તેમાં લેબલ તો કેટલી ખોટી જગ્યાએ લગાડેલું છે.એ બહુ ખરાબ દેખાય છે."

# યશસ્વી જયસ્વાલ ટી-૨૦ રેન્કિંગમાં અંતે છઠ્ઠા નંબર પર પહોંચી ગયો

નવી દિલ્હી, તા.૧૭

ઈન્ડિયા વિરુદ્ધ ઝિમ્બાબ્વે પાંચ મેચની સિરીઝ દરમિયાન ટીમ ઈન્ડિયાના શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલના બેટથી ખૂબ રન નીકળ્યા અને તેનો ફાયદો બંનેને ચાલુ ટી૨૦ રેન્કિંગમાં પણ મળ્યો.

યશસ્વી જયસ્વાલને ચાર સ્થાનનો ફાયદો મળ્યો છે અને તે હવે છઠ્ઠા નંબર પર પહોંચી ગયો છે. ઋતુરાજ ગાયકવાડને એક સ્થાનનું નુકસાન થયું અને તે ૮માં નંબરે પહોંચી ગયો છે. સૂર્યકુમાર યાદવ આ સિરીઝનો ભાગ નહોતો, જોકે તેની રેક્રિંગ પર કોઈ અસર પડી નથી અને તે બીજા નંબરે છે. પહેલા નંબરે ઓસ્ટ્રેલિયા બેટ્સમેન ટ્રેવિલ હેડ છે. આ રીતે ટોપ-૧૦ ટી૨૦ બેટર્સમાં ત્રણ ભારતીય ખેલાડી સામેલ છે. શુભમન ગિલને રેન્કિંગમાં ૩૬ સ્થાનનો ફાયદો મળે છે અને તે હવે ૩૭માં નંબરે પર આવી ગયો છે. ગિલે ઝિમ્બાબ્વે સામે સિરીઝમાં સૌથી વધુ ૧૭૦ રન બનાવ્યા હતાં. ટી૨૦ ઈન્ટરનેશનલથી રિટાયર થઈ ચૂકેલો રોહિત શર્મા પાંચમાં સ્થાનના નુકસાન સાથે ૪૨માં નંબરે છે. ભારતના રિંકુ સિંહને ઝિમ્બાબ્વે સામે વધુ બેટિંગની તક મળી નથી અને જ્યારે મળી તો તે કંઈ ખાસ કરી શક્યો નહીં. રેક્રિંગમાં તેને આઠ સ્થાનનું નુકસાન ઉઠાવવું પડ્યું છે અને તે હવે ૪૯માં સ્થાને છે.

કુલદીપ યાદવ અને અક્ષર પટેલ બંને ઝિમ્બાબ્વે પ્રવાસ પર ગયા નહોતાં અને બોલિંગ રેક્રિંગમાં બંનેને નુકસાન થયું છે. અક્ષર ચોથા સ્થાનેથી ટોપ-૧૦થી બહાર ૧૩માં નંબર પર છે અને કુલદીપ યાદવ ચોથા સ્થાનેથી ૧૬માં નંબરે છે. રવિ બિશ્નોઈ ૧૯માં નંબર પર આવી ગયો છે. જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહને પણ લેટેસ્ટ ટી૨૦ રેક્રિંગમાં નુકસાન થયું છે. બંને ક્રમથી ૨૧માં અને ૨૩માં સ્થાને પહોંચી ગયા છે.વોશિંગ્ટન સુંદરને બોલિંગ રેક્રિંગમાં ૩૬ સ્થાનનો ફાયદો મળ્યો છે અને તે ૪૬માં નંબર પર આવી ગયો છે. મુકેશ કુમારને પણ ટી૨૦ રેક્રિંગમાં ૨૧ સ્થાનનો બમ્પર ફાયદો મળ્યો છે અને તે હવે ૭૩માં નંબર પર આવી ગયો છે.

ગુરુપૂર્ણિમા નિમિત્તે વિશ્વગુરુની વંદના...

# 'વિશેષ શ્રાવણસુવાસ' પુસ્તકનો ભવ્ય અને દિવ્ય વિમોચનસમારોહ

અમદાવાદ તા ૧૭

તા. ૨૧-૭-૨૦૨૪, રવિવારે સવારે દસ વાગ્યે સાંસ્કૃતિક સેન્ટર કોલેબ, સિંધુભવન માર્ગ અમદાવાદ ખાતે સુપ્રસિદ્ધ કવિ હરદ્વાર ગોસ્વામી અને રક્ષા શુક્લ લિખિત સંશોધન અને શાસ્ત્ર આધારિત 'વિશેષ શ્રાવણસુવાસ' પુસ્તકનો ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવના હસ્તે વિમોચન સમારોહ યોજાશે. અતિથિવિશેષમાં જાણીતા લેખક રમેશ તન્ના અને નવભારત સાહિત્ય મંદિરના રોનક શાહ ઉપસ્થિત રહેશે. સંચાલન યુવા સર્જક રાજ ભાસ્કર કરશે. કાર્યક્રમમાં શિવગાન સાથે સર્જક સાથે સંવાદ પણ યોજાશે. તિથિ પ્રમાણે મહાત્મ્ય આલેખતું ભારતીય ભાષાનું આ પ્રથમ પુસ્તક છે. પ્રવેશ નિઃશુલ્ક રહેશે જેમાં ભાવકોને જાહેર નિમંત્રણ છે. **સંપર્ક : ૯૮૨૫૦૩૨૩૪૦**

PMCARES ફંડ દ્વારા કોઈ પણ કારણ આપ્યા વિના અરજીઓ નકારાઈ

# કોરોનાકાળમાં અનાથ થયેલા ૫૦% બાળકોને PMCARES ફંડમાંથી મદદ નહિ : મલ્લિકાર્જુન ખડગે

નવી દિલ્હી તા ૧૭

દેશના સંસંદ સભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે બાળકો એ દેશનું ભવિષ્ય છે અને તેના સ્વાસ્થ્ય અને અભ્યાસ સાથે ચેડાં એ દેશના ભવિષ્ય સાથે ચેડાં છે. હાલમાં જ જાહેર થયેલા અહેવાલોનો હવાલો આપતા તેમણે કહ્યું હતું કે દેશમાં છેલ્લા દસ વર્ષથી ફક્ત ઉદ્યોગપતિઓ માટે કામ કરતી મોદી સરકાર દેશના ભવિષ્ય સમાન બાળકોની સુખાકારી અંગેની યોજનાઓ માટે ઉદાસીન જણાય છે. મોદી સરકારે લાખો બાળકોને રસી ન આપીને મોટું પાપ કર્યું છે.



## વર્ષ ૨૦૨૩માં ૧૬ લાખ બાળકોને ડિપ્થેરિયા, ટિટાનસ અને પેટર્યુસિસ (ડીટીપી) અને ઓરીની રસી મળી નથી

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસ દ્વારા ભૂતકાળમાં કરાયેલા રસીકરણના કાર્યક્રમોને કારણે સ્વસ્થ અને મજબૂત ભારતના પાયાના લાભો મોદી સરકાર દ્વારા નિર્લજ્જતાપૂર્વક વેડફી નાખવામાં આવ્યા છે. હમણાં જ જાહેર થયેલા આંકડાઓ મુજબ દેશમાં વર્ષ ૨૦૨૩ માં ૧૬ લાખ બાળકોને ડિપ્થેરિયા, ટિટાનસ અને પેટર્યુસિસ (ડીટીપી) અને ઓરીના રોગ માટે મુખ્ય રસી આપવામાં આવી નથી એટલું જ નહીં પ્રચાર પ્રસારના અહેવાલો દ્વારા ઉજાગર કરાયેલા એક વિષયમાં કોરોનાકાળ દરમ્યાન અનાથ બનેલા બાળકો માટે પણ મોદી સરકારને સ્પષ્ટ અણગમો છે અને તેમની ઉપેક્ષા કરવામાં આવી છે. અનાથ બાળકોને સહાય માટેની લગભગ ૫૦% અરજીઓ PMCARES ફંડ દ્વારા કોઈ પણ કારણ આપ્યા વિના નકારી કાઢવામાં આવી હતી જે ખુબ જ ગંભીર બાબત છે. મોદી સરકાર પાસે પોતાના ધનાઢ્ય ઉદ્યોગપતિ મિત્રોનું દેવું માફ કરવાના નાણાં છે પરંતુ અનાથ બાળકોને સહાય આપી તેમના ભવિષ્યને સુનિશ્ચિત કરવા માટે નાણાં નથી તે દેશનું દુર્ભાગ્ય છે. જો આપણાં બાળકોની કાળજી લેવામાં નહીં આવે તો આપણે 'વિકસીત ભારત' કેવી રીતે બનાવીશું? તેમ જણાવતા તેમણે અંતે કહ્યું હતું કે વાસ્તવમાં વડાપ્રધાન માત્ર તેમના મિથ્યાભિમાનની જ કાળજી રાખે છે.

# 'કોંગ્રેસ દિલ્હી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડશે'

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૭

દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનના ઈન્ડિયા બ્લોકમાંથી અલગ થવાનો ગણગણાટ તેજ બન્યો છે. આ ક્રમમાં, મંગળવારે દિલ્હી કોંગ્રેસના પ્રમુખ દેવેન્દ્ર યાદવે પાર્ટી કાર્યકર્તાઓને કહ્યું કે કોંગ્રેસ આગામી વિધાનસભા ચૂંટણીમાં એકલા હાથે લડશે, કારણ કે **AAP** સાથે તેનું ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે હતું.દિલ્હી કોંગ્રેસના વડા દેવેન્દ્ર યાદવે દાવો કર્યો હતો કે તાજેતરની લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટીની વોટ ટકાવારીમાં નોંધપાત્ર વધારો થયા બાદ કાર્યકરો અને સામાન્ય લોકોમાં નવો ઉત્સાહ છે. આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટી વધુ સારું પ્રદર્શન કરશે, કારણ કે લોકો હવે પરિવર્તનની રાહ જોઈ રહ્યા છે.પ્રીત વિહારમાં ક્રિષ્ના નગર જિલ્લા કોંગ્રેસ સમિતિના અધિકારીઓની બેઠકને સંબોધતા તેમણે કહ્યું કે બ્લોક અને જિલ્લા કોંગ્રેસ સમિતિની બેઠકોએ બૂથ સ્તરે પાર્ટીને મજબૂત કરવા કાર્યકરોને સક્રિય કર્યા છે. દિલ્હી વિધાનસભામાં કોંગ્રેસને ફરી સત્તામાં લાવશે.તેમણે પોતાના નિવેદનમાં કાર્યકરોને વધુમાં જણાવ્યું હતું કે, આગામી ચૂંટણીમાં કોંગ્રેસ એકલા હાથે લડશે. કારણ કે **AAP** સાથે ગઠબંધન માત્ર લોકસભા ચૂંટણી માટે જ હતું.તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને લોકોનું સ્પષ્ટ સમર્થન મળ્યું છે, કારણ કે ચૂંટણીમાં પાર્ટીની વોટ ટકાવારી વધી છે અને આ સ્પષ્ટ સંકેત છે કે લોકો કોંગ્રેસ એકલા હાથે વિધાનસભા ચૂંટણી લડે તેવું ઈચ્છે છે.યાદવે આરોપ લગાવ્યો કે લોકો પાણીની તંગી, વીજળીના દરમાં વધારો, પાણી ભરાવા અને પાણીની ચોરીથી પીડાઈ રહ્યા છે કારણ કે સત્તામાં રહેલી સરકાર તેમની સમસ્યાઓ હલ કરવાને બદલે માત્ર બહાના બનાવે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે તમામ જિલ્લા કોંગ્રેસ સમિતિઓ ડિસ્કોમ દ્વારા વીજળીના દરમાં લગભગ નવ ટકા વધારા માટે દિલ્હી સરકાર સામે વિરોધ કરશે.

છેલ્લા ૭ વર્ષ દરમિયાન

# રેલવે સુરક્ષા દળે ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ ૮૪,૧૧૯ બાળકોને બચાવ્યા

પશ્ચિમ રેલવે, તા ૧૭

છેલ્લા સાત વર્ષથી રેલવે સુરક્ષા દળ 'નન્હે ફરિશ્તે' નામના ઓપરેશનનું નેતૃત્વ કરી રહ્યું છે. આ એક મિશન છે જે ભારતીય રેલવેમાં પીડિત બાળકોને બચાવવા માટે સમર્પિત છે. છેલ્લા સાત વર્ષ (૨૦૧૮ થી ૨૦૨૪) દરમિયાન આરપીએફએ સ્ટેશનો અને ટ્રેનોમાં જોખમમાં રહેલા ૨૪,૧૧૯ બાળકોને બચાવ્યા છે.

'નન્હે ફરિશ્તે' માત્ર એક ઓપરેશન કરતાં પણ વધુ છે કારણ કે તે હજારો બાળકો માટે એક જીવનરેખા છે જે અનુકૂલનશીલતા અને સંઘર્ષ ક્ષમતાની વાર્તા દર્શાવે છે. દરેક બચાવ એ સમાજના સૌથી અસુરક્ષિત સદસ્યોની સુરક્ષા માટે RPFની પ્રતિબદ્ધતાનું એક પ્રમાણ છે.

વર્ષ ૨૦૧૮માં 'ઓપરેશન નન્હે ફરિશ્તે'ની મહત્વપૂર્ણ શરૂઆત થઈ. તે વર્ષે આરપીએફએ કુલ ૧૭,૧૧૨ બાળ પીડિતોને બચાવ્યા જેમાં બાળકો અને બાળકીઓ બંને શામિલ હતા. બચાવી લેવામાં આવેલા ૧૭,૧૧૨ બાળકોમાંથી ૧૩,૧૮૭ની ઓળખ ભાગેડુ બાળકો તરીકે કરવામાં આવી હતી જેમાંથી ૨૧૦૫ ગુમ થયા હતા અને ૧૦૯૧ પરિવારથી ભૂલમાં છૂટા પડ્યા હતા, ૪૦૦ બાળકો નિરાધાર હતા જ્યારે ૮૭ બાળકો અપહરણનો શિકાર હતા. ૭૮ માનસિક રીતે અશક્ત અને ૧૩૧ બેઘર બાળકો હોવાનું જાણવા મળ્યું હતું. આમ વર્ષ ૨૦૧૮ માં જ ઓપરેશન માટે એક મજબૂત પાયો નખાયો હતો.



આરપીએફએ તેના પ્રયત્નો દ્વારા આટલા વર્ષોમાં ન માત્ર બાળકોને બચાવ્યા છે પરંતુ ઘરેથી ભાગેડુ અને ગુમ થયેલા બાળકોની દુર્દશા વિશે પણ જાગૃતિ વધારી છે.આરપીએફના ઓપરેશનનો વ્યાપ સતત વધી રહ્યો છે. દરરોજ નવા પડકારોનો સામનો કરીને ભારતના વિશાળ રેલવે નેટવર્કમાં બાળકો માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવા માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે.

ટ્રેક ચાઈલ્ડ પોર્ટલ પર બાળકો વિશે સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે અને હાલ ૧૩૫ થી વધુ રેલવે સ્ટેશનો પર ચાઈલ્ડ હેલ્પડેસ્ક ઉપલબ્ધ છે. આરપીએફ બચાવેલા બાળકોને જિલ્લા બાળ કલ્યાણ સમિતિને સોંપે છે. જિલ્લા બાળ કલ્યાણ સમિતિ બાળકોને તેમના માતાપિતાને સોંપે છે.

# અરવલ્લી : મોડાસામાં મુસ્લિમ બિરાદરોએ મહોરમની ભાવપૂર્વક ઉજવણી, તાજીયા જુલુસ નીકળતા લોકો ઉમટ્યા

(રાજાબાબુ, મોડાસા, તા.૧૬

મોડાસા શહેરમાં બુધવારે તાજીયાનું મોડાસા નગરમાં કસ્બા સમાજના બિરાદરો દ્વારા જુલુસ નીકાળી શહેરના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું તાજીયા જુલૂસમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, રથયાત્રા ઉત્સવ કમિટીના સદસ્યો, જીવદયા પ્રેમી નીલેશ જોશી, મોડાસા નગર પાલિકા વિરોધ પક્ષના પ્રમુખ હુસેનભાઈ ખાલક દ્વારા ઘોરીઓના ચોકમાં તાજીયા કમિટીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવતા કોમી એખલાસના દ્રશ્યો સર્જાયા હતા જીલ્લા પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો મોહરમ પર્વમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહેતેમાટે જીલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસઅધિક્ષક સંજય કેશવાલા અને



મોડાસા ટાઉન પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથધરાયું હતું


મોહરમના દસ દિવસ એટલે યૌમે આશુરાના દિવસ હજરત મોહંમદ પયગંબર સાહેબના નવાસા હજરત હુસેન સાહેબ સચ્ચાઈ અને ન્યાય સામેની લડાઈમાં શહીદ થયા હતા જેને મુસ્લિમ સમાજ દ્વારા દસ દિવસ સુધી માતમ મનાવવા સાથે રોજ મરાશિયા ગાવામાં આવે છે દસમા દિવસે રોજ રાખી ઈબાદત કરવામાં આવેછે મોહરમના દસમા દિવસે મોડાસા નગરમાં પરંપરાગત રીતે તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યું હતું કસ્બા જમાત દ્વારા કાઢવામાં આવતા તાજીયા જુલૂસમાં "યા હુસેન" ના ગગનભેદી નારા સાથે મોટી સંખ્યામાં મોડાસા શહેર સહીત જીલ્લાના મુસ્લિમ બિરાદરો જોડાયા હતા તાજીયા જુલૂસમાં અખાડા ના કરતબ નિહાળી લોકો અભિભૂત બન્યા હતા

# ડૉ. જિતેન્દ્ર સિંહ દ્વારા પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા કેન્દ્રશાસિત પ્રદેશોને મોટી રાહત : પ્રફુલ્લ પટેલ

(પી.આઈ.બી)નવી દિલ્હી, તા. ૧૭

લક્ષદ્વીપ, દમણ દીવ, દાદરા અને નગર હવેલીના પ્રશાસક પ્રફુલ્લ પટેલે કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહની મુલાકાત લીધી હતી અને કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના નેજા હેઠળ ચેન્નાઈની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓશન ટેકનોલોજી ચેન્નાઈ દ્વારા પીવાના પાણી માટે વિશ્વનો પ્રથમ "ડિસેલિનેશન પ્લાન્ટ" સ્થાપિત કરવા જેવી પહેલ માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને વિશ્વના પ્રથમ લો ટેમ્પરેચર થર્મલ ડિસેલિનેશન (એલટીટીડી) પ્લાન્ટ માટે પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ.જિતેન્દ્ર સિંહનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે કેન્દ્રશાસિત પ્રદેશના લોકોને પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડીને મોટી રાહત આપી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કુલ ૯ ડિસેલિનેશન પ્લાન્ટને મંજૂરી આપવામાં આવી છે જેમાંથી ૭ કાર્યરત છે અને આગામી સપ્તાહમાં વધુ એક કાર્યરત કરવામાં આવશે. આ દરેક એલટીટીડી યુનિટની ક્ષમતા દરરોજ આશરે એક લાખ લિટર પીવાલાયક પાણીની છે, જે આગામી સમયમાં વધારીને દોઢ લાખ લિટર પ્રતિદિન કરવામાં આવશે.

એલટીટીડી (LTTD) ટેકનોલોજી મહાસાગરોમાં કુદરતી રીતે ઉપલબ્ધ તાપમાનના તફાવતનો ઉપયોગ કરે છે. નીચા દબાણે સપાટી પરના પાણીનું બાષ્પીભવન કરે છે અને તેના પરિણામે પેદા થતી વરાળનું ઊંડા દરિયાના ઠંડા પાણી સાથે ૧૨ ડિગ્રી સે. તાપમાને ઘનીકરણ કરે છે જે લગભગ ૪૦૦ મીટરની ઊંડાઈએથી મેળવવામાં આવે છે. આ ટેકનોલોજી સ્વદેશી, પર્યાવરણને અનુકૂળ અને સંચાલનમાં સરળ છે. વધુમાં તેમણે બે એરપોર્ટને મંજૂરી આપવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો.



**લક્ષદ્વીપ, દમણ દીવ, દાદરા અને નગર હવેલીના પ્રશાસક પ્રફુલ્લ પટેલની કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ સાથે મુલાકાત**

ડૉ. જિતેન્દ્ર સિંહે લક્ષદ્વીપનાં વિકાસ માટે પ્રધાનમંત્રીનાં વિઝન પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, "આગામી વર્ષોમાં તે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે રોજગારીનું સર્જન કરવા અને અર્થતંત્રને વેગ આપવા માટેનું મુખ્ય કેન્દ્ર બની જશે. આ વિસ્તારમાં વધારે પ્રોજેક્ટ અને વિકાસ માટે અમે ખભેખભો મિલાવીને કામ કરી રહ્યાં છીએ.

ડી-સેલિનેશન દરમિયાન પાણીમાંથી બાકાત રાખવામાં આવેલા ખનિજોને ઉમેરવા માટે બે રિ-મિનરલાઈઝેશન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે

**ડી-સેલિનેશન દરમિયાન પાણીમાંથી બાકાત રાખવામાં આવેલા ખનિજોને ઉમેરવા માટે બે રિ-મિનરલાઈઝેશન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે**

રાષ્ટ્રીય યુવા પુરસ્કાર વિજેતાઓ અને રાષ્ટ્રીય સેવા યોજનાનાં વિજેતાઓ સાથે વાતચીત

# યુવાનો આપણા ભવિષ્યના નિર્ણય કર્તા છે: કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા



(પી.આઈ.બી) નવી દિલ્હી, તા. ૧૭

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત તથા શ્રમ તથા રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુવા પુરસ્કાર વિજેતાઓ અને રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) પુરસ્કાર વિજેતાઓ સાથે ઊંડાણપૂર્વકની વાતચીત કરી હતી. આ સત્રનો ઉદ્દેશ આ યુવા નેતાઓની સિદ્ધિઓની ઉજવણી કરવાનો અને માય ભારત પ્લેટફોર્મને વધારવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવાનો હતો જેથી તે ભારતના યુવાનો માટે વધુ સુલભ અને લાભદાયક બને.

ડૉ. માંડવિયાએ આ આદાનપ્રદાનની શરૂઆત ભારતનાં વિવિધ રાજ્યોમાંથી આવેલા એસડીજી, આબોહવામાં પરિવર્તન, શહેરી આયોજન, યુવા સશક્તિકરણ, નશીલા દ્રવ્યોનાં દુરુપયોગ નિવારણ જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર અસર કરી છે એનાં અસાધારણ પ્રદાનને સ્વીકારીને આદાનપ્રદાનની શરૂઆત કરી હતી. તેમણે રાષ્ટ્ર માટે એક મજબૂત ભવિષ્યનું નિર્માણ કરવા માટે યુવા પ્રતિભાઓને ઓળખવા અને તેનું પોષણ કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. ભારતના યુવાનો આપણા ભવિષ્યના નિર્ણય કર્તાઓ છે, અને હું તેમને સશક્ત બનાવવાની દિશામાં અમારી સામૂહિક યાત્રા વિશે ઉત્સાહિત છું.

માય ભારત પ્લેટફોર્મ પર રચનાત્મક યુવાનોની ઉપસ્થિતિ માટે નવીન અને સહયોગી વિચારો પર કેન્દ્રિત છે. ડૉ. માંડવિયાએ આ પ્લેટફોર્મને વધુ ઈન્ટરેક્ટિવ, માહિતીપ્રદ અને આકર્ષક કેવી રીતે બનાવી શકાય તે અંગે પારિતોષિક વિજેતાઓ પાસેથી સૂચનો મંગાવ્યા હતા. પારિતોષિક વિજેતાઓએ વધુ ડિજિટલ સાધનોને સામેલ કરવા, તેને યુવાનો સાથે સંબંધિત તમામ પહેલો માટે વન સ્ટોપ સોલ્યુશન બનાવવા અને મહત્ત્વાકાંક્ષી યુવા નેતાઓને માર્ગદર્શન આપવા માટે માર્ગદર્શક અને ઈન્ટર્નશિપ કાર્યક્રમો તૈયાર કરવા જેવા વિચારોની દરખાસ્ત રજૂ કરી હતી.

આ બેઠકમાં યુવા બાબતોનાં વિભાગનાં સચિવ તથા યુવા બાબતો અને રમતગમત મંત્રાલયનાં વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પીઆરએલના ડિરેક્ટર પ્રો.અનિલ ભારદ્વાજને ૨૦૨૪ના COSPAR વિક્રમ સારાભાઈ મેડલ

(પીઆઈબી) અમદાવાદ તા ૧૭

વર્ષ ૨૦૨૪ માટે COSPAR વિક્રમ સારાભાઈ મેડલ પ્રો. અનિલ ભારદ્વાજ (ડાયરેક્ટર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી PRL) અમદાવાદને એનાયત કરવામાં આવ્યો છે. ૧૫ જુલાઈ ૨૦૨૪ના રોજ કોરિયાના બુસાનમાં ૪૫મી COSPAR સાયન્ટિફિક એસેમ્બલીમાં COSPAR ના પ્રમુખ પ્રો. પાસ્કેલ એહરનફ્રેન્ડ અને વાઈસ પ્રેસિડન્ટ્સ, પ્રોફેસર કેથરિન સેઝાર્સ્કી અને પીટ્રો ઉબર્ટિની દ્વારા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પુરસ્કાર COSPAR (અવકાશ સંશોધન સમિતિ, આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન પરિષદ અને સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા યુએનકોપસ દ્વારા) અને ઈસરો (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) દ્વારા સંયુક્તપણે આપવામાં આવે છે જે ડૉ. વિક્રમ સારાભાઈના સન્માનમાં છે કે જેઓએ દેશમાં અવકાશ કાર્યક્રમ શરૂ કર્યો હતો અને આજે "ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા" તરીકે ઓળખાય છે. ડૉ. સારાભાઈએ ૧૯૪૭માં પીઆરએલની સ્થાપના કરીને દેશમાં અવકાશ સંશોધનની શરૂઆત કરી હતી. પીઆરએલને 'ક્રેડલ ઓફ સ્પેસ રિસર્ચ ઇન ઈન્ડિયા' તરીકે ઓળખવામાં આવે છે.



આ COSPAR વિક્રમ સારાભાઈ મેડલ વિકાસશીલ દેશોમાં અવકાશ સંશોધનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે આપવામાં આવે છે. પ્રો. અનિલ ભારદ્વાજને પ્લેનેટરી એક્સપ્લોરેશન પ્રોગ્રામ ઓફ ઈન્ડિયામાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે સન્માનિત કરવામાં આવે છે. પ્રો. અનિલ ભારદ્વાજ અવકાશ અને ગ્રહોના વિજ્ઞાની છે જેમણે ભારતીય ગ્રહો અને અવકાશ અભિયાનો માટેનાં સાધનોના વિકાસમાં, સૌરમંડળના પદાર્થોના બહુ-તરંગલંબાઈના અવલોકનોમાં અને ગ્રહોના વાતાવરણીય આયોનોસ્ફેરિક પ્રક્રિયાઓના સૈદ્ધાંતિક અભ્યાસમાં ફાળો આપ્યો છે. તેમને અને તેમની ટીમોના વૈજ્ઞાનિક પ્રયોગોને ચંદ્ર પરના તમામ ભારતીય મિશન જેવા કે ચંદ્રયાન-૧, ચંદ્રયાન-૨, ચંદ્રયાન-૩ લેન્ડર અને રોવર તેમજ મંગળ (મંગળયાન) અને સૌર મિશન આદિત્ય-એલ૧ પર મોકલવામાં આવ્યા છે.

આ માત્ર વખત છે જ્યારે આ પ્રતિષ્ઠિત COSPAR વિક્રમ સારાભાઈ મેડલ ઈસરોના કોઈ વૈજ્ઞાનિકને એનાયત કરવામાં આવ્યો છે. આ પહેલા (સ્વર્ગીય) પ્રોફેસર યુ આર રાવને ૧૯૯૬માં બ્રિટનના બર્મિંઘમમાં કોસ્પર એસેમ્બલીમાં આ મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અવકાશ વૈજ્ઞાનિકો માટેના સૌથી મોટા મંચોમાંના એક, અવકાશ સંશોધન પરની સમિતિ (COSPAR)ની સ્થાપના ૧૯૫૭માં તત્કાલીન સોવિયેત યુનિયન દ્વારા સૌપ્રથમ ઉપગ્રહના પ્રક્ષેપણ બાદ તરત જ ૧૯૫૮માં કરવામાં આવી હતી. દર બે વર્ષે તેની વૈજ્ઞાનિક એસેમ્બલીનું આયોજન કરે છે જે વિશ્વભરમાં લગભગ ૩૦૦૦ વૈજ્ઞાનિકોને સાંકળે છે.